# પીપલ્સ વેલ્ફેર સોસાયટી સંચાલિત
# બી.આર.એસ. કોલેજ – ડુમિયાણી
## શ્રમ સંયોજકની પરીક્ષાની તારીખ અને સુચનાઓ

| પરીક્ષાની તારીખ & વાર | પરીક્ષા સમય | પરીક્ષાનું સ્થળ |
|---|---|---|
| ૨૨/૦૨/૨૦૨૬ & રવિવાર | બપોરે ૦૧:૩૦ થી ૦૪:૩૦<br>(૩ કલાક)<br>MCQ TEST – ૨૧૦ માર્ક્સ | બી.આર.એસ. કોલેજ – ડુમિયાણી<br>બી.આર.એસ. કોલેજ કેમ્પસ, ડુમિયાણી,<br>તા:ઉપલેટા, જી:રાજકોટ-૩૬૦૪૪૦ |

**Part – A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટી તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટી | ૩૦ |
| 3 | બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

**Part – B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૨૦ |

- અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.
- Part-A માં કુલ ૯૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.
- Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.
- સ્પર્ધાત્મક પરીક્ષાના Part-A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના Part-A અને Part-B માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.
- ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબ દીઠ 0.25 ગુણ નેગેટિવ માર્કિંગ રહેશે.
- દરેક પ્રશ્નમા <u>"પ્રયાસ નહી કરેલ (Not Attempted)"</u> નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય તો તે/તેણી આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની 20 મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પરીક્ષા સમયે અમારી સંસ્થાનો આ પત્ર, આઇડી પ્રૂફ (અસલ) અને પાસપોર્ટ સાઇઝ ના ફોટા-૨ સાથે ફરજીયાત લાવવાના રહેશે.
- પરીક્ષાના સમય અગાઉ બપોરે ૦૧:૦૦ સુધીમાં કેમ્પસ ઉપર હાજર થઈ જવું ત્યારબાદ કોઇપણ સંજોગોમાં પરીક્ષાખંડ માં બેસવા દેવામાં આવશે નહીં.
- રોજગાર કચેરીમાંથી આવેલા નામોની યાદી વાળાને હોલ ટીકીટ મોકલેલ છે પરંતુ તેઓએ કોલેજની વેબસાઈટ પરથી નિયત અરજીનો નમુનો મેળવી, તેમાં જરૂરી વિગત ભરી, જરૂરી શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો રૂબરૂ આપવાના રહેશે. આવી અરજીઓની ચકાસણી કરતા યોગ્ય માલુમ પડશે તો તેને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
- માન્ય રાખેલ અરજી વાળા તમામ ઉમેદવારોને હોલ ટીકીટ સ્પીડ પોસ્ટ થી મોકલેલ છે.
- વર્ગખંડમાં સ્માર્ટ વોચ, કેલ્ક્યુલેટર, મોબાઈલ, ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટસ વગેરે કેમ્પસમાં લાવવાનો પ્રતિબંધ છે.